# પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદની પત્રિકા

સમાનો મન્ત્રઃ । (ઋગ્વેદ)

સમાની પ્રપા । (અથર્વવેદ)

વર્ષ ૧૮ મું    જુલાઈ ૧૯૭૭    અંક ૭

## અનુક્રમ

પ્રાચીન ભારતમાં વાદો ૧૯૩ રમણલાલ ચી. શાહ

ટાગોર, 'શાકુંતલ' અને 'ટેમ્પેસ્ટ' ૨૦૫ દિનેશ કોઠારી

'આગંતુક' વિશે ૨૧૦ વિજય શાસ્ત્રી

'ભાષામાં ગરબડ થઈ છે પાયાની?' ૨૧૫ ભોળાભાઈ પટેલ

સંપાદક

ભોળાભાઈ પટેલ

પરબ
જુલાઈ ૧૯૭૭

# પ્રાચીન ભારતમાં વાદો*

રમણલાલ ચી. શાહ

આરંભ, ઈશ્વરવાદ, આત્મવાદ, અજ્ઞાનવાદ, પુરુષવાદ, કાલવાદ, સ્વભાવવાદ, યદૃચ્છાવાદ, જાતિવાદ, વિશેષવાદ, ક્રિયાવાદ, અક્રિયાવાદ, શાશ્વતવાદ, અશાશ્વતવાદ, એકાત્મવાદ, અનેકાત્મવાદ, સત્કાર્યવાદ, અસત્કાર્યવાદ, આસ્તિકવાદ, નાસ્તિકવાદ, માયાવાદ, મિથ્યાવાદ, કારણવાદ, કૃતવાદ, અવ્યક્તવ્યવાદ, લોકવાદ, અફલવાદ, સ્થિતિવાદ, દૃષ્ટિવાદ, દ્રવ્યવાદ, કર્મવાદ, નિયતિવાદ, વિનયવાદ, વિક્ષેપવાદ, વિનાશવાદ, અકારવાદ, અભેદવાદ, ભૂતવાદ, પંચમહાભૂતિકવાદ, ચાર્વાકવાદ, તજ્જીવતચ્છરીરવાદ, આત્મષષ્ઠવાદ, સિદ્ધિવાદ, અપોહવાદ, જ્ઞાનવાદ, અદ્વૈતવાદ, પ્રતીત્યસમુત્પાદવાદ, અનાત્મવાદ, ક્ષણિકવાદ, સર્વાસ્તિવાદ, શૂન્યવાદ, વિભજ્યવાદ, સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, કેવલાદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ, શુદ્ધાદ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ, પ્રકૃતિવાદ, આરંભવાદ, અન્યોન્યવાદ, અન્વયવાદ, ચાતુર્યામસંવરવાદ, વિધિવાદ, નયવાદ, ચૈત્યવાદ, ગણધરવાદ, સ્થવિરવાદ, વિજ્ઞાનવાદ, અચિંત્યસમુત્પન્નવાદ, સુખદુઃખવાદ, આનંદવાદ, તાત્પર્યવાદ, અનુમિતિવાદ, રસવાદ, ધ્વનિવાદ, અભિધાવાદ, દીર્ઘઅભિધાવાદ, લક્ષણાવાદ, અલંકારવાદ, ચમત્કારવાદ, અભિહિતાન્વયવાદ, અન્વિતાભિધાનવાદ, સ્ફોટવાદ, રીતિવાદ, ઔચિત્યવાદ, વક્રોક્તિવાદ, ગુણવાદ, શબ્દાર્થવાદ, અખંડાર્થવાદ વગેરે સંખ્યાબંધ વાદોના નામ પ્રાચીન ધર્મગ્રંથોમાં, વ્યાકરણ અને અલંકારશાસ્ત્રના ગ્રંથોમાં, ન્યાય અને તર્કશાસ્ત્રના ગ્રંથોમાં, યોગ, જ્યોતિષ, આયુર્વેદ વગેરેના ગ્રંથોમાં આપણને જોવા મળે છે. આ બધા વાદો પરથી પ્રાચીન ભારતમાં બૌદ્ધિક વિકાસ કેટલી ઉચ્ચ કોટિ સુધી પહોંચ્યો હશે તેનો આપણને ખ્યાલ આવે છે, કારણ કે પોતાનો વાદ પ્રસ્થાપિત કરવો એ સહેલી વાત નથી. આ વાદોમાં કેટલાક વાદો એટલા સૂક્ષ્મ, ગહન અને જટિલ છે કે સામાન્ય માણસનો તો એમાં ચંચુપાત પણ ન થઈ શકે.

---

* ગતાંકથી ચાલુ

પ્રાચીન સમયમાં ભારતમાં એવી પણ પ્રથા હતી કે પરસ્પર વિરુદ્ધ એવા વાદોમાં કોનો વાદ વધારે સાચો છે અથવા ઊંચો છે તે નક્કી કરવા માટે સભાઓ યોજાતી કેટલીકવાર એવી સભાઓ રાજ્યાશ્રયે યોજાતી પરંતુ રાજા પક્ષપાતી અને ગુણદ્વેષી ન હોય તો જ તેવી સભાઓ સફળ થતી, નહિ તો વિદ્વાનોને અન્યાય થતો કે ખોટી સજા થતી એટલા માટે કહેવાતું કે यथार्थवादो विदुषां श्रेयस्करो यदि न गुणप्रद्वेषी राजा। તેમાં પરસ્પર વિરુદ્ધ વાદવાળા વાદીઓ અને એના શિષ્યો સામસામા બેસીને વાદયુદ્ધ કરતા જે વાદી પોતે એમાં હારી જાય તે પોતાના શિષ્યો સાથે સામા પક્ષના વાદીનો શિષ્ય બની જતો ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર ગણધરો ભગવાન મહાવીર સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા, પણ અંતે પરાજિત થઈ ભગવાન મહાવીરના શિષ્ય બની ગયા

પરસ્પરભિન્ન મતવાળી વ્યક્તિઓ વચ્ચે પ્રામાણિકપણે, નિષ્ઠાપૂર્વક, કેવળ સત્યની ગવેષણા માટે જ વાદ થતો ત્યારે તેની ફલશ્રુતિ ઘણી મોટી રહેતી પરંતુ વાદ જ્યારે બીજાને યેનકેન પ્રકારેણ પરાજિત કરવાના આશયથી જ યોજાતો ત્યારે તે વિકૃત સ્વરૂપ ધારણ કરતો અને તે વિતંડાવાદ, શુષ્કવાદ તરીકે ઓળખાતો 'નારદભક્તિસૂત્ર'માં એટલા માટે કહ્યું છે કે वादो नावलम्ब्य । 'સ્થાનાંગસૂત્ર'માં બતાવ્યું છે કે વાદસભાઓમાં જે વાદ થાય છે તેમાં કેટલીકવાર વાદીઓ અધ્યક્ષની ભક્તિ કરીને, અધ્યક્ષને પક્ષપાતી બનાવીને જીતી જાય છે, તો કેટલીકવાર અધ્યક્ષ અથવા પ્રતિવાદીને પોતાના શારીરિક બળ વડે ડરાવીને જીતી જાય છે નબળા મનના માણસોને વાદીઓ પોતાના મત માટે કેવી રીતે સમજાવી જાય છે તેના ઉદાહરણ તરીકે એક પ્રસંગ ટાંકવામાં આવ્યો છે કે એક ગામમાં કેટલાક ધાર્મિક માણસો પ્રાર્થના કરતા હતા તો કોઈ વેદાન્તીએ આવીને કહ્યું 'સોऽहं સોऽहं'નો જપ કરો એટલે તેઓ ત્યારથી તે પ્રમાણે જપ કરવા લાગ્યા થોડી વારે ભક્તિ સંપ્રદાયના હિમાયતીએ આવીને કહ્યું 'દાસોऽहं દાસોऽहं'નો જપ કરો એટલે તેઓ તેમ કરવા લાગ્યા થોડીવારે પાછો વેદાન્તી આવ્યો તેણે 'સદાસોऽहं સદાસોऽहं'નો જપ કરવા સમજાવ્યું એટલે તેઓ તેમ કરવા લાગ્યા ત્યાં પાછો ભક્ત વિદ્વાન આવ્યો તેણે સમજાવ્યું 'દાસદાસોऽहं દાસદાસોऽहं'નો જપ કરો આમ ભક્ત અને વેદાન્તી પોતપોતાના વાદમાં ગામના સાધારણ ધાર્મિક માણસોને ખેંચવાનો પ્રયત્ન કરવા લાગ્યા હતા

વાદ કરવા માટે સમકક્ષ વ્યક્તિ જ યોગ્ય ગણાતી ઋગ્વેદમાં કહ્યું છે કે ઘોડાની સ્પર્ધા ઘોડા સાથે જ કરાવવી જોઈએ, ગધેડાં સાથે નહિ (नाऽश्वाजिना वाजिना हासयन्ति, न गर्दभं पुरो अश्वान्नयन्ति) તેવી રીતે વ્યવહારમાં પણ સમાન વ્યક્તિઓ વચ્ચે જ વાદ-વિવાદ શોભે નિશીથભાષ્યમાં કહ્યું છે કે 'जल विवाएण णो कतमुहेहिं।' કૃતમુખ એટલે કે સમર્થ વિદ્વાનો સાથે વિવાદ ન કરવો જોઈએ પોતાનું કે અન્યનું ગૌરવ સાચવવા માટે, વિવેક અને ઔચિત્ય જળવાય એ માટે, વિસંવાદ કે સંઘર્ષ ન જન્મે એ માટે, કોઈને અન્યાય ન થાય કે નીચાજોણું ન થાય એ માટે કેટલીક વ્યક્તિઓ સાથે વિવાદ ન કરવા માટે આપણા શાસ્ત્રકારોએ જણાવ્યું છે મનુસ્મૃતિમાં કહ્યું છે કે

ऋत्विक्-पुरोहिताचार्यैं-मातुलातिथि-संश्रितै ।
बालवृद्धातुरैर्वैद्य-ज्ञाति-सम्बन्धि-बान्धवै ॥
मातापितृभ्यां जामिभि-र्भ्रात्रा पुत्रेण भार्यया ।
दुहित्रा दास वर्गेण, विवाद नो समाचरेत् ॥

[ઋત્વિજ પુરોહિત, આચાર્ય, મામા, અતિથિ, પોતાનો આશ્રિત, બાળક, વૃદ્ધ, રોગી, વૈદ્ય જ્ઞાતિ (પિતૃપક્ષનાં સ્વજનો), સંબંધી (જમાઈ, સાળો, બનેવી વગેરે), બાંધવ, માતાપિતા, ભાઈબહેન, પુત્ર, પુત્રી, પત્ની, નોકરચાકર વગેરે સાથે વિવાદ ન કરવો ]

પ્રાચીન ભારતમાં વાદવિવાદ કરવાની પણ એક પ્રકારની આવડત ગણાતી પોતાના વાદનું સમર્થન કઈ કઈ દલીલોથી કરવું અને સામેના વાદીની દલીલોનું ખંડન કઈ કઈ દલીલોથી કરવું તે માટે પોતાના વાદના સામર્થ્ય ઉપરાંત અત્યંત ઉચ્ચ તર્કપટુતા અને કુશાગ્ર બુદ્ધિની જરૂર રહેતી જેઓ વાદ કરવામાં વિજય મેળવતા તેઓને 'વાદી'નું બિરુદ આપવામાં આવતું વાદ કરવામાં મલ્લ જેવા હોય તેને 'મલ્લવાદી'નું બિરુદ આપવામાં આવતું વાદીઓમાં વેતાળ જેવા હોય તેને 'વાદીવેતાળ'નું બિરુદ આપવામાં આવતું એવી રીતે 'વાદીચંદ્ર', 'વાદીસિંહ', 'વાદીભૂષણ', 'વાદીરાજ', 'વાદીશ્વર', 'વાદીન્દ્ર', વગેરે બિરુદો પણ આપવામાં આવતાં જેમ જાહેર સભાઓમાં તેમ ગ્રંથોમાં પણ પોતાના વાદનું મંડન અને અન્ય વાદ કે વાદીનું ખંડન કરવામાં આવતું અને એવા ગ્રંથો પણ એના કર્તાની અપ્રતિમ બુદ્ધિ અને તર્કશક્તિના નમૂનારૂપ ગણાતા 'વાદવિધિ', 'દ્વાદશાર નયચક્ર' વાદકથા, 'વાદકુતૂહલ', 'વાદગ્રંથ', 'વાદતરંગિણી', 'વાદ-નક્ષત્રમાલિકા'

'વાદનક્ષત્રમાલાસૂર્યોદય', 'વાદપરિચ્છેદ', 'વાદમંજરી', 'વાદમહાર્ણવ', 'વાદાષ્ટક', 'વાદરત્નાવલી', 'વાદસંગ્રહ', 'વાદસુધાકર', 'વાદાર્થ', 'વાદાવલી', વગેરે ગ્રંથો જુદા જુદા વાદોના ખંડનમંડન વિશે લખાયેલા છે આ બધા ગ્રંથોમાં મલ્લવાદીસુરિકૃત 'દ્વાદશાર નયચક્ર' ઘણો સમર્થ ગ્રંથ છે, જેમા ગાડાના પૈડાના બાર આરાની જેમ બાર જુદા જુદા વાદોની એવી રીતે ગોઠવણ કરી છે કે પહેલા વાદનુ ખંડન બીજો વાદ કરે, બીજાનુ ત્રીજો કરે અને એ વાદનુ ખંડન પહેલા વાદમા આવી જાય અને એ બધા વાદોને અનેકાન્તવાદમાં સમાવી લેવામા આવ્યા હોય

ઠેઠ વેદકાળમાં પણ કાલવાદ, સ્વભાવવાદ, ઉદ્યમવાદ કર્મવાદ, નિયતિ વાદ વગેરે વિવિધ પ્રકારના વાદો પ્રચલિત હોવાના નિર્દેશ મળે છે દેવો અને અસુરો વચ્ચે સંઘર્ષ, મેલી વિદ્યાઓ, યજ્ઞ અને તેમાં પશુઓના બલિદાનથી સ્વર્ગાદિ સુખોની પ્રાપ્તિ માટે નિર્મિત થયેલા વિવિધ ક્રિયાકાંડો કે વિધિવિધાનો વગેરે વિશે તે સમયે જે વિવિધ વાદો પ્રચલિત હતા તેને પરિણામે આચાર અને વિચાર વચ્ચે ઘણી અરાજકતા પ્રવર્તતી હતી

ઉપનિષદોમા જે તત્ત્વવિચારણા થઈ છે તેમા એક મહત્ત્વનો પ્રશ્ન છે જગતનુ મૂળ કારણ શુ? પાણી? વાયુ? આકાશ? પ્રાણ? મૃત્યુ? અંડ? સત્? અસત્? પ્રજાપતિ? આત્મા? અમૂર્ત પુરુષ? ઈશ્વર? આ પ્રશ્નની શોધમા જલવાદ, વાયુવાદ, ઈશ્વરવાદ, પુરુષવાદ, આત્મવાદ વગેરે વિવિધ વાદોનો જન્મ થયો હતો શ્વેતાશ્વતર ઉપનિષદ મૈત્રાયણી ઉપનિષદ વગેરેમાં આ ઉપરાંત તે સમયે પ્રવર્તતા વિવિધ પાખંડી અને ભ્રામક વાદોનો પણ ઉલ્લેખ છે કાલ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા, મહાભૂતો, પુરુષ, ઈશ્વર વગેરેમા માનતા વિવિધ વાદોની ચર્ચા તેના કર્તાના આવી છે

સાંખ્યવાદીઓએ પોતાનાથી ભિન્ન એવા બ્રહ્મતંત્ર, પુરુષતંત્ર, શક્તિતંત્ર, નિયતિતંત્ર, કાલતંત્ર, ગુણતંત્ર, અક્ષરતંત્ર, પ્રાણતંત્ર, કર્મતંત્ર, જ્ઞાનતંત્ર, ક્રિયાતંત્ર, માત્રાતંત્ર વગેરે ૩૨ તંત્રો અર્થાત્ બત્રીસ જુદા જુદા વાદોનો નિર્દેશ 'ષષ્ટિતંત્ર' નામના ગ્રંથમા કર્યો છે

વૈદિક અથવા બ્રાહ્મણ પરંપરામા ઉત્તરકાળમા જગત, ઈશ્વર, ચિત્, અચિત્, સુખદુઃખ, કર્મ, જ્ઞાન, આનંદ, અવિદ્યા વગેરેના સ્વરૂપ અને ધર્મ વિશેના મતમતાંતરમાંથી જે વિવિધ માન્યતાઓ જન્મી અને એના પુરસ્કર્તાઓએ એનો જે પ્રચાર કર્યો તેને પરિણામે સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક

મીમાંસા અને વેદાંત એ ૭ દર્શનો પ્રચારમાં આવ્યા, એમાંથી શૈવદર્શન, નકુલીશપાશુપતદર્શન, પૂર્ણપ્રજ્ઞદર્શન, પ્રત્યભિજ્ઞાદર્શન, રસેશ્વરદર્શન, ઔલુક્ય દર્શન, અક્ષપાદદર્શન, જૈમિનીદર્શન, પાણિનીદર્શન, સાંખ્યદર્શન, પાતંજલ દર્શન, રામાનુજદર્શન, શાંકરદર્શન વગેરે દર્શનો, વાદો પ્રચલિત બન્યાં

ભગવાન મહાવીરની પૂર્વે ભગવાન પાર્શ્વનાથના સમયમાં નિર્ગ્રંથ શ્રમણો તે સમયના જૈન ધર્મ પ્રમાણે અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર મહાવ્રતોમાં માનતા હતા તેઓની આ માન્યતા ચાતુર્યામસંવરવાદ તરીકે ઓળખાવામાં આવતી હતી

ભગવાન મહાવીરે ચાર મહાવ્રતોને છૂટાં પાડી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો જૈન ધર્મમાં પણ તદુપરાંત શ્વેતાંબર અને દિગમ્બર એવા બે મહત્ત્વના વાદો ઊભા થયા અને તેની સાથે બીજી કેટલીક બાબતોના મતભેદોને કારણે બીજા પેટા વાદો પણ વધ્યા હતા અલબત્ત, ભગવાન મહાવીરે પ્રબોધેલ સ્યાદ્વાદે અથવા અનેકાન્તવાદે પોતાનામાં ઘણા વાદોને સમાવી લીધા અને સંઘર્ષ ટાળ્યો

બૌદ્ધ ગ્રંથ 'દીઘનિકાય'ના બ્રહ્મજાલ સુત્રમાં નિર્દેશ છે તે પ્રમાણે ભગવાન બુદ્ધના સમયમાં ૬૨ અબૌદ્ધવાદો પ્રચલિત હતા તેમાં આત્મા અને જગત નિત્ય છે એમ માનનારા શાશ્વતવાદીઓમાં ચાર જુદા જુદા વાદ હતા અશાશ્વતવાદીઓમાં પણ ચાર જુદા જુદા વાદ હતા જગત નિત્ય છે કે અનિત્ય એ વિશે મતભેદવાળા અંતાનંતિકોમાં પણ ચાર જુદા જુદા વાદ હતા કોઈ પ્રશ્નનો સીધો જવાબ ન આપનારા અમરાવિક્ષેપિકોમાં પણ ચાર જુદા જુદા હતા કારણ વગર આત્મા અને જગતની ઉત્પત્તિ માનનારા અધિચ્ચસમુપ્પનિકોમાં બે જુદા જુદા વાદ હતા મૃત્યુ બાદ આત્મા કઈ દશા પામે છે એ વિશે જુદો જુદો મત ધરાવનાર ઉદ્ધમાઘાતનિકોમાં ૩૨ જુદા જુદા વાદો હતા મૃત્યુ બાદ આત્મા નાશ પામે છે એમ માનનારા ઉચ્છેદવાદીઓમાં સાત જુદા જુદા વાદ હતા ઇન્દ્રિયોનું સુખ ભોગવતા આ જન્મમાં જ આત્મા નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે એમ માનનારા દષ્ટધર્મનિર્વાણવાદીઓમાં પાંચ જુદા જુદા વાદો હતા

બૌદ્ધ ધર્મ કર્મ અને પુનર્જન્મમાં માને છે અને છતાં આત્મામાં માનતો નથી અનાત્મવાદ, ક્ષણભંગવાદ, શૂન્યવાદ, એ બૌદ્ધ ધર્મની વિશિષ્ટ

વિચારસરણી છે બૌદ્ધ ધર્મ એમ માને છે કે આત્મા નામનો કોઈ પદાર્થ સ્વભાવત નથી આત્માનુ સ્વતંત્ર કોઈ અસ્તિત્વ નથી રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એ પાંચ ધર્મો અથવા સ્કંધોનો સમુદાય છે જેમ રથ નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, પરંતુ રથાંગોનો–રથના જુદા જુદા ભાગોનો સમુદાય થાય છે ત્યારે રથ નામની આકૃતિ થાય છે તેવી રીતે માત્ર પાંચ સ્કંધોનો સમુદાય થાય છે બીજા દર્શનો જેને આત્મા કહે છે તેવા નિત્ય આત્મમાં બૌદ્ધ ધર્મ માનતો નથી આ પાંચ સ્કંધ ક્ષણિક છે, દુઃખકારક છે અને અનાત્મ છે આ બૌદ્ધ ધર્મનો અનાત્મવાદ છે પ્રતીત્યસમુત્પાદવાદ ક્ષણભંગવાદ, શૂન્યવાદ, સર્વાસ્તિવાદ, વિજ્ઞાનવાદ સૌત્રાન્તિકવાદ ચૈત્યવાદ ગોકુલિકવાદ, વિભજ્યવાદ, એવા અઢાર જુદા જુદા વાદો બૌદ્ધ દર્શનોમાં જોવા મળે છે

શ્રમણ પરંપરામાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ એ બે મહા વિભૂતિઓ ઉપરાંત નીચેના પાંચ શ્રમણ આચાર્યો પોતપોતાના વાદ માટે પ્રાચીન ભારતમાં સુપ્રસિદ્ધ હતા (૧) પૂરણ કાશ્યપ (૨) પકુધ કચ્ચાયન (૩) અજિત કેશકંબલી (૪) સંજય બેલટ્ઠીપુત્ત અને (૫) મક્ખલિ ગોશાલક.

ભગવાન બુદ્ધનો સમકાલીન પૂરણ કાશ્યપ નામનો નગ્ન તપસ્વી એમ માનતો હતો કે પુણ્ય કે પાપ જેવુ કશુ નથી એ એમ કહેતો કે કોઈએ પ્રાણીનો વધ કર્યો હોય, ચોરી કરી હોય ધાડ પાડી હોય, જૂઠું બોલ્યો હોય કે વ્યભિચાર કર્યો હોય તોપણ તેને પાપ લાગતુ નથી પવિત્ર મનાતી ગંગા નદીના દક્ષિણ કિનારે કોઈ મારામારી કરે કે બીજાને ત્રાસ આપે તોપણ તેને પાપ લાગતુ નથી અને ગંગા નદીના ઉત્તર કિનારે જઈ દાન આપે યજ્ઞ કરે સત્ય બોલે તપ કરે તો તેથી તેને પુણ્ય પ્રાપ્ત થતુ નથી પોતે કંઈ પણ કરે કે કરાવે તેથી પાપ કે પુણ્ય કશું થતુ નથી

પૂરણ કાશ્યપનો આ મત અક્રિયાવાદ તરીકે અથવા અકારકવાદ તરીકે ઓળખાય છે

પકુધ કચ્ચાયન એમ માનતો હતો કે આ સૃષ્ટિ પૃથ્વી, પાણી, તેજ વાયુ, સુખ, દુઃખ, અને જીવ એ સાત પદાર્થોની બનેલી છે આ પદાર્થોનો કોઈપણ કાળે ક્યારેય વિનાશ થતો નથી આ પદાર્થ બનાવેલા નથી, બનાવનારા નથી, એક બીજાને સુખ કે દુઃખ આપી શકતા નથી એ પદાર્થો કોઈના નિર્માણ કરેલા કે દર્શાવેલા નથી એ પદાર્થો વંધ્ય, કૂટસ્થ અને

નગરદ્વારના સ્તંભની જેમ અચલ છે એટલે એ પદાર્થોને મારનાર, મરાવનાર, કહેનાર, સાંભળનાર, જાણનાર કે વર્ણન કરનાર કોઈ નથી કોઈ માણસ તીક્ષ્ણ શસ્ત્ર વડે કોઈનુ માથુ કાપે તેથી તે તેનો જીવ લે છે એમ ન કહી શકાય કારણ કે એ તીક્ષ્ણ શસ્ત્રે માત્ર એ સાત પદાર્થ વચ્ચે રહેલા અવકાશમાં પ્રવેશ કર્યો છે એમ કહી શકાય પકુધ કચ્ચાયનના આ વાદ ને અન્યોન્યવાદ, શાશ્વતવાદ અથવા અનેકાયવાદ કહેવામા આવે છે

અજિત કેશકબલી ભુતવાદનો પુરસ્કર્તા હતો તે એમ કહેતો કે પૃથ્વી પાણી, તેજ અને વાયુ એ ચાર ધાતુ અથવા ભૂતોનો મનુષ્ય બનેલો છે જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે પૃથ્વી ધાતુ પૃથ્વીમાં, પાણી પાણીમા, તેજ તેજમા, અને વાયુ વાયુમાં ભળી જાય છે અને ઇન્દ્રિયો આકાશમાં જાય છે મરેલા માણસને ચાર પુરુષો ઠાઠડીમાં નાખી સ્મશાનમા લઈ જઈ બાળી નાખે છે અને ત્યા તેના હાડકા પડી રહે છે તેણે દાન, યજ્ઞ, કે બીજી જે કઈ ક્રિયા કરી હોય તેનું છેવટનુ પરિણામ આ રાખ અને હાડકાં છે માટે દાન યજ્ઞ, હોમ વગેરે મૂર્ખ માણસોએ શોધી કાઢેલી નિરર્થક ક્રિયાઓ છે સારાં ખોટાં કર્મનું ફળ જેવુ કશુ નથી કે આ લોક, પરલોક, દેવદેવીઓ વગેરે જેવુ પણ કશુ નથી મૃત્યુ પામ્યા પછી ડાહ્યા અને મૂર્ખ બધાનો ઉચ્છેદ થાય છે અને તેમનુ કશુ જ બચતુ નથી જે કોઈ અસ્તિવાદની વાત કરે છે તે બધા જૂઠા માણસો છે

અજિત કેશકબલીના આ ભૂતવાદને ઉચ્છેદવાદ અથવા નાસ્તિકવાદ પણ કહેવામાં આવે છે તે ચાર્વાકના મતનો પુરસ્કર્તા હશે એમ મનાય છે, છતા એ આત્મવાદી શ્રમણ હતો અલબત્ત આત્મા વિશેની તેની કલ્પના આ જીવનપૂરતી મર્યાદિત હતી

સજય બેલડીપુત્ર વિક્ષેપવાદી કહેવાતો તે એમ કહેતો કે પરલોક છે એવુ પણ નથી અને પરલોક નથી એવુ પણ નથી કર્મનાં ફળ હોય છે એવુ પણ નથી અને કર્મનાં ફળ નથી એવુ પણ નથી તેના આ વિક્ષેપવાદ ને અજ્ઞાનવાદ તરીકે ઓળખાવવામાં આવે છે

ભગવાન મહાવીરનો સમકાલીન મખ્ખલિ ગોશાલક આજીવક સપ્રદાયનો સસ્થાપક હતો એનો વાદ નિયતિવાદ તરીકે અથવા સસારશુદ્ધિવાદ તરીકે ઓળખાતો હતો તે એમ માનતો હતો કે માણસમાં સારુ અથવા ખોટુ કરવાનુ કઈ પણ બળ, વીર્ય અથવા પરાક્રમ નથી પ્રાણીઓની અપવિત્રતાનુ કઈ પણ કારણ નથી કઈ પણ કારણ વગર પ્રાણીઓ શુદ્ધ અને પવિત્ર

વિચારસરણી છે બૌદ્ધ ધર્મ એમ માને છે કે આત્મા નામનો કોઈ પદાર્થ સ્વભાવત નથી આત્માનુ સ્વતત્ર કોઈ અસ્તિત્વ નથી રૂપ, વેદના, સજ્ઞા, સસ્કાર અને વિજ્ઞાન એ પાચ ધર્મો અથવા સ્કધોનો સમુદાય છે જેમ રથ નામનો કોઈ સ્વતત્ર પદાર્થ નથી, પરતુ ભાગોનો–રથના જુદા જુદા ભાગોનો સમુદાય થાય છે ત્યારે રથ નામની આકૃતિ થાય છે તેવી રીતે માત્ર પાચ સ્કધોનો સમુદાય થાય છે બીજા દર્શનો જેને આત્મા કહે છે તેવા નિત્ય આત્મમાં બૌદ્ધ ધર્મ માનતો નથી આ પાચ સ્કધ ક્ષણિક છે, દુ ખકારક છે અને અનાત્મ છે આ બૌદ્ધ ધર્મનો અનાત્મવાદ છે પ્રતીત્યસમુત્પાદવાદ, ક્ષણભગવાદ, શૂન્યવાદ, સર્વાસ્તિવાદ, વિજ્ઞાનવાદ, સૌત્રાન્તિકવાદ ચૈત્યવાદ ગોકુલકવાદ, વિભજ્યવાદ, એવા અઢાર જુદા જુદા વાદો બૌદ્ધ દર્શનોમા જોવા મળે છે

શ્રમણ પરપરામા ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ એ બે મહા વિભૂતિઓ ઉપરાત નીચેના પાચ શ્રમણ આચાર્યો પોતપોતાના વાદ માટે પ્રાચીન ભારતમા સુપ્રસિદ્ધ હતા (૧) પૂરણ કાશ્યપ (૨) પકુધ કચ્ચાયન (૩) અજિત કેશકબલી (૪) સજય બેલટ્ઠીપુત્ર અને (૫) મક્ખલિ ગોશાલક

ભગવાન બુદ્ધનો સમકાલીન પૂરણ કાશ્યપ નામનો નગ્ન તપસ્વી એમ માનતો હતો કે પુણ્ય કે પાપ જેવુ કશુ નથી એ એમ કહેતો કે કોઈએ પ્રાણીનો વધ કર્યો હોય, ચોરી કરી હોય ધાડ પાડી હોય, જૂઠું બોલ્યો હોય કે વ્યભિચાર કર્યો હોય તોપણ તેને પાપ લાગતુ નથી પવિત્ર મનાતી ગગા નદીના દક્ષિણ કિનારે કોઈ મારામારી કરે કે બીજાને ત્રાસ આપે તોપણ તેને પાપ લાગતુ નથી અને ગગા નદીના ઉત્તર કિનારે જઈ દાન આપે, યજ્ઞ કરે, સત્ય બોલે તપ કરે તો તેથી તેને પુણ્ય પ્રાપ્ત થતુ નથી પોતે કઈ પણ કરે કે કરાવે તેથી પાપ કે પુણ્ય કશુ થતુ નથી

પૂરણ કાશ્યપનો આ મત અક્રિયાવાદ તરીકે અથવા અકારકવાદ તરીકે ઓળખાય છે

પકુધ કચ્ચાયન એમ માનતો હતો કે આ સૃષ્ટિ પૃથ્વી, પાણી, તેજ, વાયુ, સુખ, દુ ખ, અને જીવ એ સાત પદાર્થોની બનેલી છે આ પદાર્થોનો કોઈપણ કારણથી ક્યારે ય વિનાશ થતો નથી આ પદાર્થ હાલતા નથી, બદલાતા નથી, એક બીજાને સુખ કે દુ ખ આપી શકતા નથી એ પદાર્થો કોઈના નિર્માણ કરેલા કે દર્શાવેલા નથી એ પદાર્થો વધ્ય, કૂટસ્થ અને

નગરદ્વારના સ્તંભની જેમ અચલ છે એટલે એ પદાર્થોને મારનાર, મરાવનાર, કહેનાર, સાંભળનાર, જાણનાર કે વર્ણન કરનાર કોઈ નથી કોઈ માણસ તીક્ષ્ણ શસ્ત્ર વડે કોઈનું માથું કાપે તેથી તે તેનો જીવ લે છે એમ ન કહી શકાય, કારણ કે એ તીક્ષ્ણ શસ્ત્રે માત્ર એ સાત પદાર્થ વચ્ચે રહેલા અવકાશમાં પ્રવેશ કર્યો છે એમ કહી શકાય પકુધ કચ્ચાયનના આ વાદ ને અન્યોન્યવાદ, શાશ્વતવાદ અથવા અનેકપવાદ કહેવામાં આવે છે

અજિત કેશકંબલી ભૂતવાદનો પુરસ્કર્તા હતો તે એમ કહેતો કે પૃથ્વી પાણી, તેજ અને વાયુ એ ચાર ધાતુ અથવા ભૂતોનો મનુષ્ય બનેલો છે જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે પૃથ્વી ધાતુ પૃથ્વીમાં, પાણી પાણીમાં, તેજ તેજમાં, અને વાયુ વાયુમાં ભળી જાય છે અને ઇન્દ્રિયો આકાશમાં જાય છે મરેલા માણસને ચાર પુરુષો ઠાઠડીમાં નાખી સ્મશાનમાં લઈ જઈ બાળી નાખે છે અને ત્યાં તેના હાડકાં પડી રહે છે તેણે દાન, યજ્ઞ, કે બીજી જે કંઈ ક્રિયા કરી હોય તેનું છેવટનું પરિણામ આ રાખ અને હાડકાં છે માટે દાન યજ્ઞ, હોમ વગેરે મૂર્ખ માણસોએ શોધી કાઢેલી નિરર્થક ક્રિયાઓ છે સારા ખોટા કર્મનું ફળ જેવું કશું નથી કે આ લોક, પરલોક, દેવદેવીઓ વગેરે જેવું પણ કશું નથી મૃત્યુ પામ્યા પછી ડાહ્યા અને મૂર્ખ બધાનો ઉચ્છેદ થાય છે અને તેમનું કશું જ બચતું નથી જે કોઈ અસ્તિવાદની વાત કરે છે તે બધા જૂઠા માણસો છે

અજિત કેશકંબલીના આ ભૂતવાદને ઉચ્છેદવાદ અથવા નાસ્તિકવાદ પણ કહેવામાં આવે છે તે ચાર્વાકના મતનો પુરસ્કર્તા હશે એમ મનાય છે, છતાં એ આત્મવાદી શ્રમણ હતો અનમત્ત આત્મા વિશેની તેની કલ્પના આ જીવનપૂરતી મર્યાદિત હતી

સંજય બેલટ્ઠીપુત્ર વિક્ષેપવાદી કહેવાતો તે એમ કહેતો કે પરલોક છે એવું પણ નથી અને પરલોક નથી એવું પણ નથી કર્મનાં ફળ હોય છે એવું પણ નથી અને કર્મનાં ફળ નથી એવું પણ નથી તેના આ વિક્ષેપવાદ ને અજ્ઞાનવાદ તરીકે ઓળખાવવામાં આવે છે

ભગવાન મહાવીરનો સમકાલીન મખ્ખલિ ગોશાલક આજીવક સંપ્રદાયનો સંસ્થાપક હતો એનો વાદ નિયતિવાદ તરીકે અથવા સંસારશુદ્ધિવાદ તરીકે ઓળખાતો હતો તે એમ માનતો હતો કે માણસમાં સારું અથવા ખોટું કરવાનું કંઈ પણ બળ, વીર્ય અથવા પરાક્રમ નથી પ્રાણીઓની અપવિત્રતાનું કંઈ પણ કારણ નથી કંઈ પણ કારણ વગર પ્રાણીઓ શુદ્ધ અને પવિત્ર

થાય છે, આ સંસારમાં સુખદુઃખ પરિમિત અને નિયત છે તેમાં કંઈ પણ ફેરફાર કરાવી શકાય એમ નથી, બધું નિયત પ્રમાણે બન્યા કરે છે નિયતિને કારણે જ જીવો જન્મે છે, જુદી જુદી અવસ્થાઓ ભોગવે છે અને શરીરથી વિખુટા પડે છે, મૃત્યુ પામે છે

પ્રાચીન સમયના જે બધા વાદો પ્રચલિત હતા તે બધા વિશે સ્વતંત્ર ગ્રંથો ઉપલબ્ધ નથી, પરંતુ ભિન્નભિન્ન ગ્રંથોમાં જે છૂટાછવાયા ઉલ્લેખો મળી આવે છે તે ઉપરથી આપણને તે વિશે કેટલીક માહિતી મળે છે કેટલાક વાદનો તો માત્ર નામનિર્દેશ મળે છે એ વાદ શું કહેવા માગે છે અને તેના સ્થાપક અને પુરસ્કર્તા કોણ હતા તેની વિશેષ માહિતી મળતી નથી

સૂત્રકૃતાંગ, આચારાંગ, ભગવતી સૂત્ર, નંદિસૂત્ર ઇત્યાદિ જૈન આગમ ગ્રંથોમાં જુદા જુદા વાદોનો ઉલ્લેખ થયેલો છે એ સમયે એવા ભિન્નભિન્ન ૩૬૩ વાદો પ્રચલિત હતા એવો નિર્દેશ મળે છે આ બધા વાદોનું ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ એમ ચાર મુખ્ય વાદોમાં વર્ગીકરણ પણ કરવામાં આવ્યું છે અને એમાં ૧૮૦ ક્રિયાવાદ, ૮૪ અક્રિયાવાદ, ૬૭ અજ્ઞાનવાદ અને ૩૨ વિનયવાદ ગણાવવામાં આવ્યા છે જે બધા મળીને ૩૬૩ જેટલા થયા છે આ જુદા જુદા વાદના પુરસ્કર્તાઓ કોણ કોણ હતા તેમાં કેટલાક નામો નોંધાયેલાં છે, જેમકે કૌત્કલ, કાંઠેવિદ્ધિ, કૌશિક, હરિશ્મશ્રુ, માઠયિક, રોમસ, હારિત, મુંડ, અશ્વલાયન વગેરે ક્રિયાવાદીઓ હતા મરીચ, કુમાર, કપિલ, ઉલુક, ગાર્ગ્ય, વ્યાઘ્રભૂતિ વાધ્વલિ, માઠર, મૌદ્‌ગલાયન વગેરે અક્રિયાવાદીઓ હતા શાકલ્ય વાત્કલ, કૌથુમિ, નારાયણ, માધ્યંદિન મૌદ, પિપ્પલાદ, બાદરાયણ, આંબષ્ઠિ, વસુ, જૈમિની વગેરે અજ્ઞાનવાદીઓ હતા અને વસિષ્ઠ, પારાશર જાતુકર્ણિ, વાલ્મીકિ, રોમર્ષિ, સત્યદત્ત, વ્યાસ એલાપુત્ર, ઔપમન્યવ, ઇંદ્રદત્ત વગેરે વિનયવાદીઓ હતા

**ક્રિયાવાદ** જે વાદ એમ માને છે કે આત્મા ક્રિયા કરે છે અથવા અમુક ક્રિયા કરવાથી આત્મા બંધન પામે છે અને અમુક ક્રિયા કરીને તે બંધનમાંથી મુક્ત પામે છે તે ક્રિયાવાદ તે વાદ કહે છે કે માણસ જે સુખ દુઃખ પામે છે શોક કે પરિતાપ અનુભવે છે તે બધું તેના પોતાના કરેલાં કર્મનું ફળ છે સંસાર શાશ્વત છે જન્મમરણનું ચક્ર ચાલ્યા કરે છે ક્રોધ, માન, માયા, લોભ, વગેરેને કારણે જીવ આ જન્મમરણના ચક્રમાંથી છૂટી શકતો નથી પરંતુ જે જીવ પોતાના કર્મોનો અંત લાવે છે તે જીવ આ ચક્રમાંથી મુક્તિ પામે છે કર્મો પોતાના આત્માને કેવી રીતે લાગે છે અને

તેમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય એનુ જ્ઞાન થાય અને એ માટે ભ ય પુરુષાર્થ આદરી છેવટે તેમાથી મુક્ત થાય તે જીવ મોક્ષનો અધિકારી છે અને તેને ફરીથી જન્મમરણના ચક્રમાં આવવાનુ રહેતુ નથી

**અક્રિયાવાદ** જે વાદ આત્માના અસ્તિત્વમાં માનતો નથી અથવા આત્માના અસ્તિત્વમા માનવા છતાં આત્મા કઈ ક્રિયા કરતો નથી આત્મા કોઈ ક્રિયાથી એટલે કે પાપપુણ્યથી લેપાતો નથી, માણસો પોતે કરેલાં કર્મો માટે અથવા એના ફળ માટે પોતે જવાબદાર નથી, ઈશ્વર જ માણસ પાસે સારાં કર્મ અથવા ખરાબ કર્મ કરાવે છે આત્મા તો તદ્દન નિષ્ક્રિય છે ઇત્યાદિ માને છે.તેને અક્રિયાવાદ તરીકે ઓળખાવવામા આવે છે ઈશ્વર વાદ, આત્મવાદ, નિયતિવાદ, સ્વભાવવાદ યદૃચ્છાવાદ કાલવાદ વગેરેનો અક્રિયાવાદમા સમાવેશ કરવામા આવે છે

**અજ્ઞાનવાદ** આ વાદ એમ માને છે કે લોક વ્યવહાર એ જ સાચુ પ્રમાણ છે, માટે એને અનુસરીને જ લોકોએ પોતાનો વ્યવહાર ચલાવવો જોઈએ વ્યવહાર ચલાવવા માટે શાસ્ત્રોની કઈ જ જરૂર નથી વળી શાસ્ત્રોમાં પણ અદર અદર ઘણા વાદવિવાદ અને ઝઘડા છે, જેથી શાસ્ત્રોને આધારે કોઈ નિર્ણય થઈ શકતો નથી શાસ્ત્રોના જ્ઞાનની કોઈ આવશ્યકતા નથી શબ્દોનો જે અર્થ વ્યવહારમા પ્રચલિત હોય તે માનીને જ વ્યવહાર ચલાવવો જોઈએ, કારણ કે કોઈપણ શાસ્ત્રના આધાર પરથી શબ્દાર્થનો નિર્ણય થઈ શકતો નથી વસ્તુને તેના યથાર્થ સ્વરૂપમા ક્યારેય સપૂર્ણ પણે જાણી શકાતું નથી માટે તે જાણવાનો વ્યર્થ પ્રયત્ન કરવો ન જોઈએ

**વિનયવાદ** વિનય એટલે આચાર વિશેના નિયમો જે લોકો એમ માને છે કે આચારના કેટલાક નિયમો પાળવાથી શીલશુદ્ધિ થાય છે અને મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટે આ શીલશુદ્ધિ જ પર્યાપ્ત છે તેઓ વિનય વાદી કહેવાય છે આ વા પ્રમાણે જે માણસ કાયાથી કઈ પાપ ન કરે, કોઈ ને પીડા થાય તેવી વાણી ન બોલે અને મનમા કઈ પાપવૃત્તિ ન રાખે એવો સદાચારી પુરુષ 'સપન્નકુશલ' કહેવાય એટલે કે એવો માણસ કરવાનું બધુ કરી ચૂક્યો છે અને હવે એને કશુ કરવાનુ બાકી રહેતુ નથી આ વાદમાં માનવાવાળા આચાર ઉપર જ બધો ભાર મૂકી જે જ્ઞાન છે તેના તરફ દુર્લક્ષ કરતા ભગવાન મહાવીરે અને ભગવાન બુદ્ધે આ વાદનો વિરોધ કર્યો હતો ભગવાન બુદ્ધે કહ્યુ હતુ કે જો માન મ ા, વચન અને કાયાથી કઈ પાપ ન આચરે તો તે સપન્નકુશલ કહેવાય, તો પછી તરતનુ

જન્મેલું બાળક સંપન્નકુશલ કહેવાય કારણ કે એણે મન, વચન, કાયાથી હજુ કંઈ પાપ કર્યું નથી.

અજ્ઞેયવાદ : પ્રાચીનકાળમાં એક એવો વર્ગ હતો કે જે પાપ, પુણ્ય, જીવ, આત્મા, જગત વગેરે વિશે અનુભવથી, તર્કથી કે દલીલથી કશો નિર્ણય કરવાને શક્તિમાન ન હોય ત્યારે, ખાસ કરીને ખોટા પડવાના ભયે અથવા બીજા વાદીઓથી પરાજિત થવાના ભયે, કશો જ નિશ્ચિત ઉત્તર આપતા નહિ. તેઓ ગોળગોળ જવાબ આપતા અથવા એમ કહેતા કે હું એમ પણ માનતો નથી અને હું એમ પણ માનતો નથી. તમારી વાત સાચી છે એમ હું કહેતો નથી અને તમારી વાત ખોટી છે એમ પણ નથી કહેતો. તેઓ પોતાનો સ્વતંત્ર ભિન્ન અભિપ્રાય આપવાનો પણ ઇન્કાર કરતા, પરંતુ પોતાનો જુદો સ્વતંત્ર ભિન્નવાદ છે અને તે 'અજ્ઞેયવાદ' છે એમ તેઓ ભારપૂર્વક જણાવતા.

જેમ કોઈ પણ સમયે બને છે તેમ પ્રાચીન સમયમાં પણ ભારતમાં લોકોમાં વહેમ કે અંધશ્રદ્ધા ભરેલી કેટલીક માન્યતાઓ પ્રવર્તતી હતી. કેટલીક માન્યતાઓનાં મૂળ શાસ્ત્રોમાં કદાચ હોય, પરંતુ લોકજીવનમાં તે વિકૃત કે અશુદ્ધ સ્વરૂપે દૃઢ થઈ હોય અને તેવી માન્યતાઓ ધરાવનારનો એક વર્ગ જ્યારે ઊભો થાય અને એના પુરસ્કર્તાઓ નીકળી પડે ત્યારે તેવા વાદને લોકવાદ અથવા લોકચિંતા તરીકે ઓળખાવવામાં આવતો. પ્રાચીન સમયમાં અપુત્રની સદ્‌ગતિ થતી નથી, ગાયને મારનારની અથવા ગાયની અડફેટમાં આવી મૃત્યુ પામનારની સદ્‌ગતિ થતી નથી, કૂતરાં યમને જોઈ શકે છે વગેરે લોકમાન્યતાઓની ગણના લોકવાદમાં થતી.

લોકવાદની જેમ સંશયવાદ, મિથ્યાવાદ વગેરે પણ સામાન્ય સંજ્ઞાઓ હતી. જે વાદો દરેક બાબતમાં સંશય કર્યા કરે, નિશ્ચિત બાબતમાં પણ સંશય કરે ત્યારે તેવા વાદની ગણના સંશયવાદમાં થતી. જે વાદો ખોટે માર્ગે જઈ રહ્યા હોય એમ પોતાના મત પ્રમાણે લાગે તેવા વાદોને મિથ્યાવાદ તરીકે ઓળખાવવામાં આવતા.

'અષ્ટકપ્રકરણ'ના વાદાષ્ટકમાં જણાવ્યું છે તે પ્રમાણે તત્ત્વદર્શીઓ બધા વાદોનું વર્ગીકરણ ત્રણ પ્રકારના મુખ્ય વિભાગમાં કરતા : (૧) શુષ્કવાદ (૨) વિવાદ, અને (૩) ધર્મવાદ.

शुष्कवादो विवादश्च धर्मवादस्तथापरः ।
कीर्तितस्त्रिविधोवाद, इत्येष तत्त्वदर्शिभिः ॥

જેમ ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે તેમ સાહિત્યના ક્ષેત્રે પણ ઘણા વાદો પ્રાચીન ભારતમાં પ્રવર્તતા હતા જેમ ધર્મને વિશે તેમ સાહિત્યને વિશે કેટકેટલી પ્રક્રિયાઓનુ નિરાકરણ સહેલાઈથી થતું નથી કવિતા એટલે શું? શા માટે બધા જ લોકો કવિતા લખી શકતા નથી? કવિને કવિતા લખવાની પ્રેરણા ક્યાંથી, ક્યારે અને શા માટે મળે છે? બધી જ કવિતાઓ શા માટે એકસરખી નથી? ઉત્તમ કવિઓને હાથે પણ શા માટે નિર્બળ કવિતાનુ સર્જન થાય છે? ઉત્તમ કવિતાનુ પ્રધાન લક્ષણ શું? અલંકાર, ગુણ, રીતિ ઔચિત્ય, વક્રોક્તિ, ધ્વનિ, રસ, રસધ્વનિ વગેરે તત્ત્વોમાંથી કવિતામા મહત્ત્વનુ તત્ત્વ કયુ અને શા માટે? કવિતાના સર્જનવ્યાપારમા શુ શુ થાય છે? ભાવકને સાહિત્યમા રસ કેવી રીતે પડે છે? તે તેના ઊર્મિતંત્રમાં શુ શુ થાય છે? નાટક જોતી વખતે રસની અનુભૂતિ ભાવકને કેવી રીતે થાય? ઇત્યાદિ સખ્યાબધ પ્રશ્નો એવા છે કે જેના ઉત્તરમાથી વિવિધ વાદોનો જન્મ થાય છે આપણા અલંકારશાસ્ત્રમાં અલંકારવાદ, ગુણવાદ, રીતિવાદ ઔચિત્યવાદ, વક્રોક્તિવાદ, અનુમિતિવાદ, ધ્વનિવાદ રસવાદ વગેરે વાદો સુપ્રસિદ્ધ છે

ભાષા અને વ્યાકરણના ક્ષેત્રે શબ્દની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? શબ્દનો સંકેત કયા લક્ષણોમા સમજાયો? વર્ણ અને શબ્દનો ક્રમ કયા નિયમને આધારે યોજાય છે? અને કયા નિયમને આધારે સમજાય છે? શબ્દના ચાલુ પ્રચલિત અર્થ ક્યારે અને શા માટે સમજાય છે? વગેરે પ્રશ્નોના જવાબરૂપે સ્ફોટવાદ, અભિધાવાદ, લક્ષણાવાદ, વ્યજનાવાદ, તાત્પર્યવાદ, અનુમાનવાદ, વ્યક્તિવાદ, જાતિવાદ, જાત્યાદિવાદ, જાતિવિશિષ્ટ વ્યક્તિવાદ, અપોહવાદ, અભિહિતાન્વયવાદ, અન્વિતાભિધાનવાદ વગેરે વાદો પ્રચલિત થયા હતા યોગ અને અધ્યાત્મના ક્ષેત્રે અમુક પ્રકારની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સિદ્ધિઓ અને લબ્ધિઓ કેવી રીતે પ્રગટ થાય છે, અને ચિત્તની વિવિધ શક્તિઓ તેમા કેવી રીતે કામ કરે છે એ પ્રશ્ન ગહન છે યમ અને નિયમથી, ધારણાથી, ધ્યાનથી, જપથી હઠયોગથી, રાજયોગથી એમ એક યા બીજા તત્ત્વ ઉપર ભાર મૂકાતાં તે તે વાદનો જન્મ થયો છે

અનેકાંતવાદ એ જૈન ધર્મનો એક મહત્ત્વનો વાદ અથવા સિદ્ધાન્ત છે કોઈપણ વસ્તુના અનેક અંત એટલે કે ગુણધર્મ હોય છે વસ્તુના પ્રત્યેક ધર્મને, ગુણને, અંતને પૂરી રીતે તપાસી તેમાથી સમગ્રપણે સત્ય તારવવુ

જોઈએ કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઇત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી, વધુમા વધુ વિગતોથી અને વધુમા વધુ ઉંડાણથી તપાસવા અને તેમા દેખાતા પરસ્પર વિરોધી એવા તત્ત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવુ તે અનેકાંતવાદ સત્ય એક છે પરતુ તેનાં સ્વરૂપ અનત હોઈ શકે છે એ સ્વરૂપોનુ જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવુ તે અનેકાન્તવાદ છે

અનેકાન્તવાદ માટેનો પારિભાષિક શબ્દ છે સ્યાદ્‌વાદ સ્યાત્ એટલે ક્વચિત્ અર્થાત્ કેટલુક એટલે કે કેટલુ ક જાણવા મળ્યુ છે, પરતુ ઘણું જાણવાનુ બાકી છે અનેકાન્તવાદ સિદ્ધાન્ત છે અને એ સિદ્ધાન્તને અમલમા મૂકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્‌વાદ અથવા સપ્તનય કે સપ્તભગી છે એને સમજવા માટે અધહસ્તિ ન્યાયનુ ઉદાહરણ સુપ્રસિદ્ધ છે સાત આધળા માણસોએ પોતાના હાથ વડે સ્પર્શ કરીને હાથીનો આકાર જાણવાનો પ્રયત્ન કર્યો અને દરેકને તે જુદા જુદા આકારનો લાગ્યો પરતુ મહાવતે તેઓને હાથ વડે સ્પર્શ કરાવીને હાથીના આખા આકારનો ખ્યાલ આપ્યો હાથીના ખડદર્શનને બદલે એનુ અખડદર્શન કરાવનાર મહાવત તે સ્યાદ્‌વાદ અથવા અનેકાંતવાદ સ્થાને છે

અનેકાન્તવાદ એટલે વિચારમા પણ અહિસા, કારણ કે અનેકાન્તવાદ એટલે વિરોધી પક્ષના મતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષના મતવ્યોની પણ પ્રામાણિકપણે માધ્યસ્થભાવે સત્યની જિજ્ઞાસાથી આલોચના કરવી અને મિથ્યાભિમાનનો ત્યાગ કરી, પોતાની ભૂલ હોય તે સુધારવી તથા ઉદારતા અને વિવેકબુદ્ધિથી ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરવો

ભગવાન મહાવીરે પરસ્પર વિરુદ્ધ એવા વિવિધ દાર્શનિક વાદોનો સમન્વય કર્યો છે ઉદા૦ એક બાજુ ઉપનિષદસમત બ્રહ્મવાદ અને બીજી બાજુ અનાત્મવાદ કે ક્ષણિકવાદ એ બનેનો સમન્વય દ્રવ્યનય અને પર્યાય નયનો સ્વીકાર કરીને કર્યો તેવી જ રીતે વ્યવહારનય અને નિશ્ચયનય એમ બનેનો સ્વીકાર કરી વ્યવહારસત્ય અને પારમાર્થિક સત્યનો સમન્વય કર્યો આમ કરવામા તેમની અહિસા અને સત્યની ભાવના રહેલી છે કોઈપણ વાદમા રહેલા સત્યના નાના સરખા અશની પણ ઉપેક્ષા ન થઈ જાય તે માટે અને વિસવાદ તથા સઘર્ષ દૂર કરવા માટે, પૂરી જાગૃતિ રાખવા માટે અનેકાન્તવાદ એ સૌથી સમર્થ વાદ છે, વાદશિરોમણિ છે

'પ્રાચીન સાહિત્ય'ના વિવેચન લેખોમાં ટાગોરનો અભિગમ જેટલો સાહિત્યિક નહી તેટલો સાંસ્કૃતિક છે ભારતીય સંસ્કૃતિની કેટલીક લાક્ષણિકતાઓએ કાવ્યનિર્મિતિમા કેવુ બળ પૂર્યું છે તેની પરખ ટાગોરની મર્મી દૃષ્ટિએ 'રામાયણ', 'મેઘદૂત', 'કુમારસંભવ', 'કાદંબરીચિત્ર' વગેરે લેખોમા કરી છે, પરંતુ સાંસ્કૃતિક અભિગમની જે મર્યાદાઓ છે તેમાથી ટાગોર મુક્ત રહી શક્યા નથી જ્યા તુલનાત્મક ઉપક્રમ છે ત્યા આ મર્યાદાઓ સવિશેષ ઉપસી આવે છે

'રામાયણ'મા તેઓ લખે છે કે "હું વિદેશી હોઈ મનિશ્ચય કહી શકુ નહી કે ગ્રીસ પોતાની સમસ્ત પ્રકૃતિને પોતાના બે કાવ્યોમા પ્રકટ કરી શક્યુ છે કે નહિ પરંતુ એટલુ તો નક્કી કહી શકુ કે ભારતવર્ષે રામાયણ અને મહાભારતમાં પોતાનુ કાંઈ જ પ્રકટ કરવુ બાકી રાખ્યુ નથી" ટાગોરે વિદેશી તરીકેનુ આવુ મૌન 'શાકુંતલ' અને 'રંગભૂમિ' વગેરે લેખોમાં પણ જાળવ્યું હોત તો! 'શાકુંતલ'માં ટાગોર દર્શાવે છે કે "આવા સ્થળે તુલના દ્વારા સમાલોચના કરવી વૃથા છે અમે પણ તે સ્વીકારીએ છીએ" વિવેચક ટાગોર આવી તુલના વૃથા છે તે સમજે છે અને સ્વીકારે છે છતાં સાંસ્કૃતિક અભિનિવેશ તેમને 'શાકુન્તલ' અને 'ટૅમ્પેસ્ટ'ની તુલના કરવા પ્રેરે છે

કાલિદાસ અને શેક્સપિયર બન્ને વિશ્વ પ્રતિભાશાળી નાટ્યકારો છે 'શાકુંતલ' અને 'ટૅમ્પેસ્ટ' એ તેમની અંતિમ નાટ્યકૃતિઓ – પરિપક્વ પ્રજ્ઞાના ફળ – છે બન્નેની નાયિકાઓ – શકુંતલા અને મિરાન્ડા – પ્રકૃતિને ખોળે ઉછરેલી છે મિરાન્ડા અને રાજકુમાર ફર્ડિનાન્ડનો પ્રણય તાપસકુમારી શકુંતલા અને દુષ્યન્તના પ્રણય જેવો છે 'શાકુંતલ'માં તપોવન છે તો 'ટૅમ્પેસ્ટ'માં સમુદ્રથી વીંટળાયેલો દ્વીપ છે આવાં કેટલાક સામ્યો તે બે કૃતિઓને સંબદ્ધ કરવામા કારણભૂત બને છે

આ બે નાટકોની તુલના દરમિયાન વિવેચકની નજર જો સર્જકકર્મ પર જ સ્થિર રહી હોત તો વાંધો ન આવત પરંતુ સાંસ્કૃતિક અભિનિવેશને કારણે ટાગોર 'શાકુંતલ'ને માનદંડ બનાવીને 'ટૅમ્પેસ્ટ'ને તપાસે છે,

પરિણામે જે શકુંતલા અને 'શાકુંતલ'માં છે તે મિરાન્ડા અને 'ટૅમ્પેસ્ટ'માં શોધવાની ભૂલ કરી બેસે છે. ટાગોરે 'શાકુંતલ'ને જેટલી ચીવટથી જોયું છે તેટલી ચીવટથી 'ટૅમ્પેસ્ટ'ને જોયું નથી તે પણ કળાઈ આવે છે, નહિતર 'ટૅમ્પેસ્ટ'ની કેન્દ્રીય અનુભૂતિને પકડવામાં તેમની સરતચૂક ન થાત. ટાગોર લખે છે કે "બે કાવ્યો સાથે સાથે રાખીએ તો ઉભયમાં સાદૃશ્ય કરતાં ભિન્નતા વિશેષ સ્ફુટ થાય છે. તે ભિન્નતાની આલોચના કરવાથી પણ બંને નાટકોને વિશેષ સ્પષ્ટ રીતે સમજવામાં મદદ મળે તેમ છે. અને એ જ આશયથી આ લેખ હાથમાં લીધો છે." આલોચનાને અંતે આપણામાં 'શાકુંતલ' વિશેની સમજ વિકસે છે અને 'ટૅમ્પેસ્ટ' વિશે ગેરસમજ જન્મે છે! 'પ્રાચીન સાહિત્ય'ના ગુજરાતી અનુવાદની પ્રસ્તાવનામાં કાકાસાહેબ કહે છે : "જ્યારે જૂના ટીકાકારોએ આપણને જોઈતી દૃષ્ટિ ન આપી, ત્યારે આપણા પાશ્ચાત્ય પાંડિત્યમન્ય અધ્યાપકોએ આપણને અવળી જ દૃષ્ટિ આપી. યુરોપિયન આદર્શ પ્રમાણે હિન્દી ઇતિહાસમાં કશું નથી, યુરોપિયન વિવેક પ્રમાણે હિન્દી કાવ્યો હમેશાં ઊતરતાં જણાય, એ જ એમની શિખામણ." યુરોપીય વિવેક પ્રમાણે ભારતીય સાહિત્યને મુલવવામાં જે ભૂલ રહેલી છે તેવી જ ભૂલ ભારતીય વિવેક પ્રમાણે યુરોપીય સાહિત્યને મૂલવવામાં રહેલી છે. ટાગોરે મિરાન્ડાને કૉલરિજ જેવી અને 'ટૅમ્પેસ્ટ'ને વિલ્સન નાઈટ જેવી દૃષ્ટિએ પણ માણી–નાણી જોવાની જરૂર હતી.

ટાગોરનો મુખ્ય મુદ્દો એ છે કે "ઉભયના વસ્તુના મૂળમાં ઐક્ય હોવા છતાં બેના કાવ્યરસનો સ્વાદ અતિશય ભિન્ન છે. 'ટૅમ્પેસ્ટ' નાટકમાં મનુષ્ય મંગળભાવે પ્રીતિયોગથી પોતાની જાતને વિશ્વમાં ફેલાવી દઈને મહત્ત્વ પ્રાપ્ત કરતો નથી–પ્રકૃતિને નીચી પાડી, દબાવી પોતે અધિપતિ થવા ઇચ્છે છે. વસ્તુતઃ આધિપત્ય માટે ઉભયનો વિરોધ અને પ્રયાસ એ જ 'ટૅમ્પેસ્ટ'નો મૂળ ભાવ છે. 'ટૅમ્પેસ્ટ' નાટકનું જેવું નામ છે તેવું જ તેની અંદરનું વસ્તુ છે. એમાં મનુષ્ય અને પ્રકૃતિનો વિરોધ છે. માણસ માણસ વચ્ચે વિરોધ છે અને તે વિરોધનું મૂળ સત્તા મેળવવાનો પ્રયાસ છે. આરંભથી તે અંત સુધી બે વચ્ચે સંગ્રામ ચાલે છે."

એ સાચું કે 'ટૅમ્પેસ્ટ' શીર્ષક ઝંઝાવાતનું સૂચન કરે છે અને એ પણ સાચું કે પ્રોસ્પેરોએ કેલિબાન અને એરિયલ જેવા નિમ્નોન્નત પ્રાકૃતિક તત્ત્વો પર પ્રભુત્વ મેળવ્યું છે. નાટકના કેટલાક અંશોમાં સત્તા માટેનો સંઘર્ષ પણ છે, પરંતુ નાટકનો પ્રધાન સૂર 'સંગ્રામ' નહીં પણ 'સંવાદ' જ છે. યુરોપીય વિવેચકોનો એ મત છે કે જીવનના અંત ભાગમાં

-અંતિમ ચાર નાટકોમાં-શેક્સપિયરની સર્જક પ્રતિભા સંવાદની શોધ-સંવાદની સ્થાપના કરવા મથતી હતી અને તેને સંપૂર્ણ સફળતા મળે છે 'ટેમ્પેસ્ટ'માં 'શાકુંતલ' અને 'ટેમ્પેસ્ટ' વિષે વાત કરતા ઉમાશંકર જોશી યોગ્ય જ કહે છે કે "ખાસ નોંધપાત્ર તો એ છે કે બન્ને મેળના-સંવાદ (reconciliation)ના નાટકો છે" 'ટેમ્પેસ્ટ' પરની લેખનશ્રીના અંતમાં ક્વિલરકૂચ કહે છે કે જગતસાહિત્યમાંથી તેમને એક જ પુસ્તક પસંદ કરવાનું હોય તો તેઓ 'ઓડિસી', 'ઇનિડ' 'ડિવાઇન કોમેડી', 'પેરેડાઇઝ લોસ્ટ', 'ઑથેલો' કે 'કિંગ લિયર' નહી પણ 'ટેમ્પેસ્ટ'ને જ પસંદ કરે પસંદગીનું કારણ છે 'સંવાદ' તેમના જ શબ્દોમાં-

"Old memories of wrong, all quarrels, jealousies, suspicions, hymns of hate on which men have fed and feed themselves between a dream and a dream-all meet to be forgiven, all melt to be transformed, renewed, made better, all pass into a mist which, almost before we recognise it as a mist of pity is shaken, rent, scattered by the morning breeze of hope"

"But still this play abides, after three hundred years eloquent of Shakespear s slow sunsetting through dream after dream of reconciliation, forcing tears not by 'pity and terror but by sheer beauty,

વાસ્તવમાં 'ટેમ્પેસ્ટ' માનવીય અનુકંપાનું, માનવપ્રેમનું, માનવ ગૌરવનું નાટક છે પ્રાકૃતિક વાતાવરણમાં ઉછરેલ મિરાન્ડાના પ્રકૃતિ સાથેના સૌહાર્દનું તેમાં નિરૂપણ નથી પણ નિર્જનદ્વીપની આ નાયિકા અનુકંપાથી અસ્પૃષ્ટ નથી ઝંઝાવાતમાં સપડાયેલા જહાજને જોઈને તેના મુખમાંથી સહજ ઉદ્ગાર સરી પડે છે

"O! I have suffered
With those that I saw suffer!
O, the cry did break against my very heart!

આ ઉદ્ગાર દ્વારા જ મિરાન્ડાનો આપણને પ્રથમ પરિચય મળે છે આ પરિચય ઓછો હૃદ્ય છે! પ્રોસ્પેરો જ્યારે અતીતની આપવીતી ગાતો હોય છે ત્યારે પણ મિરાન્ડાનો તાર તો ડૂબતા જહાજ સાથે સંધાયેલો હોય છે નાટકના અંતમાં તે નિર્જન ટાપુના માનવઅતિથિઓને ઉમળકાથી વધાવે છે

"How beauteous mankind is! O brave new world,
That has such people in t'

આરંભ અને અંતના આ બે બિન્દુઓની વચ્ચે મિરાન્ડાનું ચરિત્ર સમુચિત વિકસ્યું છે મિરાન્ડા, મિરાન્ડા છે. તેમાં શકુંતલા શોધવાની જરૂર નથી

મૃત્યુના મુખમાંથી ઉગરેલો પ્રૉસ્પેરો નિર્જનદ્વીપનો સ્વામી બન્યો છે પોતાના સહોદર ઍન્ટોનિયોના વર્તન-વ્યવહારે જે અન્યાય કર્યો છે તેનો ડંખ તેના હૃદયમાં છે પરંતુ તે ઝંઝાવાતનો જે પ્રપંચ રચે છે તેના મૂળમાં વૈરભાવ નથી પોતાના ઈલ્મને અંતિમ ઘાટ આપવાનો ઉપક્રમ પણ નથી તેનો હેતુ તો છે જેના નિર્દોષ મુખનાં મરકલડાં વીણી વીણીને પોતે યાતનાભર્યાં દિવસો પસાર કર્યા છે તે લાડકી દીકરી મિરાન્ડાનું રાજકુમાર ફર્ડિનાન્ડ સાથેનું લગ્ન 'નૌકાડૂબી'ના દશ્યથી અસ્વસ્થ મિરાન્ડાને સાંત્વન આપતાં તે કહે છે

"Be collected,
No more amazement Tell your piteous heart
There is no harm done
No harm
I have done nothing, but in care of thee
(of thee, my dear one thee, my daughtor) who
Art ignorent of what thou art "

એણે કોઈને કશી ઇજા પહોંચાડી નથી, પહોંચાડવી પણ નથી અંતિમ દશ્યમાં તે કહે છે

"The rarer action is,
In virtue then in Vengenance

તે પોતાની ઈલ્મસામગ્રી અને વિજ્ઞાનના થોથાંને સાગરના અતલ ઊંડાણમાં પધરાવી દે છે કાર્યસિદ્ધિ બાદ ઍરિયલને પણ મુક્તિ આપી દે છે 'ટૅમ્પેસ્ટ' reconciliationનું નાટક છે વેરની વસૂલાતનું નાટક નથી જ નથી

નાટકના અંતિમ દશ્યના પ્રૉસ્પેરો અને ઍરિયલના સંવાદો પણ આ સંદર્ભમાં નોંધપાત્ર છે પ્રૉસ્પેરો ઍરિયલને પોતાના શત્રુઓની હાલતના સમાચાર પૂછે છે ત્યારે,

| | |
|---|---|
| Ariel | Your charm so strongly works em,<br>That if you now beheld them, your affections,<br>Would become tender |
| Prospero | Dost thou think so, spirit? |
| Ariel | Mine would, sir, were I human |

**Prospero** And mine shall
Hast thou—which art but air—a touch, a feeling
of their afflictions, and shall not myself
one of their kind, that relish as sharply,
Passion as they, be kindlier moved than thou art?

એરિયલ પ્રકૃતિસત્ત્વ હોવા છતાં માનવ માટે તેનું હૃદય દ્રવે છે, (બલ્કે પોતાની પાસે માનવનું ધબકતું હૃદય નથી તેનો જ તેને વસવસો છે) તો પછી પ્રૉસ્પેરોનું માનવહૃદય માનવબંધુ માટે કેમ ન પીગળે?

'ટૅમ્પેસ્ટ'નાં આવાં રસસ્થાનો ટાગોરની પ્રતિભાદૃષ્ટિ નજરે ચડ્યાં લાગતાં નથી, નહિતર તેમને હાથે 'ટૅમ્પેસ્ટ'ને અન્યાય ન થાત.

'શાકુંતલ' અને 'ટૅમ્પેસ્ટ'ની તુલનાથી જ ન અટકતાં તેઓ જે કેટલાંક generalizations કરે છે તે વિશેષ અનુદાર છે.

"શાકુંતલ જેવું પ્રશાન્ત-ગંભીર તથા સંયત-સંપૂર્ણ એક પણ નાટક શેક્સપિયરની નાટ્યાવલિમાં નથી."

"યુરોપીય કવિ હોત તો આ સ્થળે વાસ્તવિક સત્યની નકલ કરત, સંસારમાં જેવું બને તેવું જ નાટકમાં લાવત."

"બાહ્ય પ્રકૃતિને જ્યાં દૂર રાખી પર ગણવામાં આવે, જ્યાં મનુષ્ય પોતાની ચતુર્દિશ દિવાલો ઊભી કર્યા કરીને જગતમાં સર્જન કેવળ અંતરાય ઊભા કરે ત્યાંના સાહિત્યમાં આ જાતની દૃષ્ટિ સંભવિત હોઈ શકે નહીં."

ટાગોર કૃતિ પરથી કર્તાની, કર્તા પરથી કવિઓની, કવિઓ પરથી સંસ્કૃતિની આમ જ ટીકા પર ઊતરી પડ્યા છે.

અલબત્ત, સંસ્કૃત નાટ્યસાહિત્યમાં કે સમગ્ર નાટ્યસાહિત્યમાં 'શાકુંતલ'નું જે સ્થાન છે તેવું સ્થાન શેક્સપિયરનાં નાટકોમાં પણ 'ટૅમ્પેસ્ટ'નું નથી તે વિવેચકોએ સ્વીકાર્યું છે. તેવું ઉત્તમ સર્જન પણ નથી. વિવેચકોની નજર પણ આકારને બદલે સંભાર પર જ ઠરી છે. અભિપ્રેત માત્ર એ છે કે નર્યા દેશાભિમાની અભિગમથી પ્રેરિત અભિગમ ટાગોર જેવા સર્જક-વિવેચકને પણ કેવી ભૂલથાપ ખવડાવે છે.


સંદર્ભગ્રંથ 1 ટાગોર-પ્રાચીન સાહિત્ય
2 Tempest Ed by Quiller-Couch
3 Shakespeare's Workmanship by Q
4 Lectures on Shakespear by S T Coleridge
5 Shakespeare's Last plays by Tillyard

# 'આગંતુક' વિશે*

વિજય શાસ્ત્રી

'આગંતુક' વાર્તાનો વિષય છે માનવચિત્તની ભય અને સંત્રસ્તતાની સંવેદનાઓનો આલેખ પરંતુ સંવેદના વાર્તારૂપ પામી છે કે કેમ અને જો પામી હોય તો તેને માટે કામે લગાડાયેલી કલારીતિ પણ વાર્તાના આસ્વાદ માટે ઓળખવી જરૂરી છે વાર્તાના આરંભે કથાનાયક ઉનાળુ સાંજે બગીચાના બાંકડે સૂતો છે તેની આ સુપ્તાવસ્થા પણ તેની નિશ્ચિન્તતાની દ્યોતક છે તેનું ચિત્ત પવનહીન વાતાવરણ જેવું અ-ક્ષુબ્ધ છે આ અક્ષુબ્ધ અને નિષ્કમ્પ ચિત્તાવસ્થાને લઈને લેખકે કૃતિનો આરંભ કર્યો છે અને કથાનાયકની ચિત્તાવસ્થાને ક્રમશઃ ભય અને સંત્રસ્તતાની સંવેદનાથી સ્ફોટક બનાવતા જઈ કથાન્તે એ સંવેદનાઓની પરાકાષ્ઠા આલેખી છે બીજા શબ્દોમાં કહીએ તો ભય અને ત્રાસની સંવેદનાઓનો vertical graph-ઊર્ધ્વમુખી આલેખ આ કૃતિમાં અનુભવાય છે ઉક્ત કલ્પનાથી શરૂઆત કરીને લેખક કથાનાયકને ભય અને ત્રાસની તીવ્રતમ સીમા સુધી પહોંચાડે છે ભય-ત્રાસની આ સંવેદનાઓનાં વિવિધ સ્થિત્યંતરો અને સંકુલતાઓના આલેખન માટે લેખકે ભયાનકના જે વિભાવોનો ઉપયોગ કર્યો છે તે નવા નથી પણ પૂર્વસિદ્ધ છે ભયંકર મુદ્રા ધરાવતો ગારુડી અને તેના ગળે લપેટેલો જીભ લપકારતો અજગર તેમ જ છાબડીમાંના ફણીધરો અને ગારુડીની અન્ય રીતભાતો વ્યવહારમાં પણ ભયાનકતા અને ડરની લાગણી જન્માવવા માટે પૂરતાં હોય છે અને લેખકે એ વ્યવહારસિદ્ધ વિભાવોનો જ આ રચનામાં વિનિયોગ કર્યો છે એટલે જ્યારે આવા પૂર્વસિદ્ધ યા સ્વયંસિદ્ધ વિભાવો કૃતિમાં પ્રયોજાય ત્યારે લેખકે તે રેડીમેઈડ વિભાવોને પોતાને ઇષ્ટ એવા પરિમાણ અને પરિણામમાં કેવી રીતે લગાડ્યા છે કે કેમ તે જ તપાસવાનું રહે

આગળ જોયું તેમ કથાનાયકની નચિંત અવસ્થાના કડડભૂસનો આરંભ થાય છે – જ્યારે તેના બાંકડા પાસે એકાએક એક ગારુડી આગંતુક બનીને આવી ઊભો રહે છે ત્યારે અહીંથી કથાનાયકની ભયયાત્રા આરંભાય છે

* ઈવા ડેવકૃત વાર્તાસંગ્રહ 'આગંતુક'માંની એ જ નામની વાર્તા વિશે

ભયની પૂંઠે ત્રાસ, ક્યારેક જિજ્ઞાસા અને ક્યારેક વિમૂઢતા અને ક્યારેક અદ્ભુતતાની સંવેદનાઓ પણ પરસ્પરને છેદતી તો કદીક સમાન્તરે ચાલતી રહે છે પ્રથમ આગંતુક ગારુડી નાયકના ચિત્તમાં ભયસંચારનો આરંભ કરી આપે છે અને એ જ આગંતુક ક્રમશ એ ભયસંવેદનાઓને બળવત્તર અને તીવ્રતર બનાવતો જાય છે આસ્વાદ્ય બને છે તે આ સંવેદનાઓની તીવ્રતાની માત્રામાં થતો જતો વધારો ક્રમશ તંગ બનતી જતી મનોદશા અને તંગ બનાવનારા વિભાવો ઉભયનું સંયોજન લેખકે રાસાયણિક એકતા દાખવતું કર્યું છે

કેટલાક વિભાવો નર્યા વર્ણનાત્મક છે જેવા કે ગારુડીની પૉલિશ કરેલા અકીક જેવી આંખો, નાનાં સાપોલિયાં જેવી ભ્રમરો, ઝેરી વીંછીના ડંખ જેવા મૂછના અંકોડા, ગળા પર ભેરવેલો અજગર ઇત્યાદિ અહીં વર્ણનો વડે ભયની અને ત્રાસની સંવેદનાઓ જન્માવ્યા બાદ તેને બળવત્તર બનાવવા કેટલાક પાત્રકાર્યોનો ઉપયોગ થયો છે જેમાં ગારુડી દ્વારા થતો સંમોહનવિદ્યાનો ઉપયોગ, કથાનાયકનું થતું વશીકરણ, કથાનાયકની આજ્ઞાધીનતા, ભાગવાની તીવ્ર વૃત્તિ છતાં ન ભાગી શકવાની પરાધીનતા વગેરે વિભાવો પણ ભયસંમિશ્રિત સંત્રસ્તતાની સંવેદનાઓનું આલેખન કરવામાં ઉપયોગમાં લેવાયા છે આરંભે જે નરી ભયની હતી એ સંવેદના આગળ વધતાં સંકુલ પરિમાણવાળી–ભયમિશ્રિત સંત્રસ્તતાવાળી બની રહી વાર્તાના આગળ વધવાની સાથે જ કથાનાયકની સંવેદનાઓ વધુ જટિલ અને વધુ તંગ બનાવતા જવાની ટેકનિક લેખકે અજમાવી છે એમાં લેખકની કલાસૂઝ પણ અનુભવાય છે વળી એક ડગલું આગળ ચાલીએ ત્યાં લેખકે એક નવી ઘટના (જો કે મૂળ ઘટનાનો જ અંશ છે ) વડે તીવ્ર બનતી આવેલી કથા-નાયક અને ભાવકની ભય ત્રાસની સંવેદનાને તીવ્રતર ભૂમિકા પર ચડાવવા માટે બે ફણીધરો વડે કથાનાયકના દેહને હવામાં પાંચેક ફૂટ જેટલો ઊંચે ઉછાળાતો અને અજગરની જીભના સ્પર્શ વડે "રોંગટે રોગટું ખડું થઈ" જતું ને "સમસ્ત પ્રાણ બીકથી થીજી" જતો આલેખ્યો છે

કથાનાયક ગારુડીના ખેલ માટે 'જમૂરો' બને છે એ ઘટનાનો આમ ભયાનકના, ડરના સંવેદનને બળવત્તર બનાવવા માટે લેખકે ચતુરાઈપૂર્વક ઉપયોગ કરી લીધો છે કૃતિમાં માત્ર ભય અને ત્રાસની જ નહિ પણ ક્યારેક ક્યારેક અદ્ભુત અને વિમૂઢતાની સંવેદનાઓ પણ ભળે છે તેના વિભાવો તરીકે જમૂરો બનેલો કથાનાયક ગારુડી વડે પૂછાતા પ્રશ્નોનો સાચો જવાબ

બીજુ, નાયક બેવનો જ બૂરો બન્યા બાદ આંખ ઉઘાડે ત્યારે ત્યાં કોઈ ન હોય અને તેથી પોતાના એ ડાગના અનુભવને સ્વપ્ન ગણીને ભય ભીતાવસ્થામાંથી છુટકારો પામવાની સુખદ અનુભૂતિમાં રાચે એ આલેખન પણ નાટ્યાત્મકતાનુ તત્ત્વ ધરાવે છે કેમકે સ્વપ્ન માનવાથી એક ક્ષણ પૂરતી ભય-ત્રાસનો લેખકે ઉપસાવવા ધારેલી અસરોમાં ઓટ આવે છે, પીછેહઠ થાય છે, પણ એ ક્ષણિક ઓટનુ આલેખન પણ કલાત્મક બને છે કેમ કે એ ઓટ પછીની બીજી જ ક્ષણે બાળક ( વાર્તાનો બીજો આગંતુક ) પ્રશ્ન પૂછતો આવે ત્યારે ભયંકર ઉછાળા સાથે પીછેહઠ પામેલી ભય-ત્રાસની અસર આગળ ધસે છે જેમ ખાડો કૂદવા માટે કુશળ સવાર ઘોડાને થોડા ડગલાં પાછો હટાવે ને પછી બમણા જોસથી ઘોડો દોડાવીને ખાડો કૂદાવી જાય તે રીતે સ્વપ્ન માનવાની વાતથી ભયાનકમાં ઓટ આણી બીજી જ ક્ષણે બાળકનો પ્રશ્ન મૂકી લેખકે બમણો ઉછાળો મારતી એ અસરો આલેખી છે

વિષય લેખે, ભય-ત્રાસની સંવેદનાઓનુ નિરૂપણ લેખકે પસંદ કર્યું છે, એના સામે કોઈ વાંધો ન લઈ શકાય કોઈ પણ સંવેદના વિષય લેખે નિષિદ્ધ નથી આમાં ભય-ત્રાસની સંવેદનાઓને નાટ્યાત્મક શૈલીની મદદથી લેખકે શૂન્યથી તીવ્રતમ સુધીના બિંદુએ પહોંચાડી છે

■

## સાભાર સ્વીકાર

### વોરા ઍન્ડ કંપની

ચંદ્રવદન મહેતા અમૃત મહોત્સવ ગ્રંથ
(આઈ એન ટી) પૃ ૧૧૧ રૂ ૨૦-૦૦

ઈશાનભારત અને આંદામાનમાં ટહુક્યા મોર
ઉમાશંકર જોશી પૃ ૧૭૧ રૂ ૧૦-૦૦

'૩૧ માં ડોકિયું ઉમાશંકર જોશી પૃ ૧૪૪ રૂ ૧૦-૦૦

હૃદયમાં પડેલી છબીઓ ભા ૧, ૨ ,, પૃ ૩૦૮, ૨૫૬ રૂ ૧૬-૦૦, ૧૪-૦૦

નોબેલ સાહિત્યકારો ભા ૧, ૨, ૩ કૃષ્ણવદન જેટલી
સેટની કિંમત રૂ ૪૫-૦૦

દંતકથા મોહમ્મદ માંકડ પૃ ૨૮૦ રૂ ૧૩-૫૦

હસ્તાક્ષર સુરેશ દલાલ પૃ ૭૨ રૂ ૫-૦૦

### સાધનાપથ પ્રકાશન

શિખરોને પેલે પાર નાથાલાલ દવે પૃ ૨૦૦ રૂ ૧૪-૦૦

# "ભાષામાં ગરબડ થઈ છે પાયાની?"

ભૂરા કાગળમાં કેટલા  લાભશંકર ઠાકર (આર. આર. શેઠ)
ઊઘડતી દીવાલો  ચન્દ્રકાન્ત શેઠ (આર. આર. શેઠ)

આ બે સંગ્રહો સાથે સિતાંશુ યશશ્ચન્દ્રના કાવ્યસંગ્રહ 'ઓડિસ્યુસનું હલેસું'ની રચનાઓ વાંચતાં સમકાલીન ગુજરાતી કાવ્ય-ભાષાની અનાવૃત્ત ઝાંખી થશે. ૧૯૩૩માં ગુજરાતી કાવ્યભાષાની 'કોયાભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો'માં કૈંક આ રૂપની અલપઝલપ થઈ હતી, પણ તે પછી શિષ્ટ કાવ્યભાષાનું જ પ્રચલન થોડાક લોકબોલીની આભિના પુટ સાથે રહ્યું. ૧૯૫૭માં નિરંજન ભગતના 'છંદોલય'ના 'પ્રવાલદ્વીપ' ગુચ્છની કાવ્યભાષા એક જ્વલન્ત વળાંક સ્થાપી રહી, અને હવે સાંપ્રત કવિતામાં – વિશેષ કરીને આ ત્રણ કવિઓ–લાભશંકર, ચન્દ્રકાન્ત અને સિતાંશુમાં – કાવ્યભાષા વળાંક લેતી જણાય છે. ગુજરાતી કવિતાની અનામયતાનું આ સુચિહ્ન છે. ખૂબી તો એ છે કે આ ત્રણે કવિઓની કાવ્યભાષા અલગ અલગ સ્તર પર વિહરે છે, એટલું જ નહિ, તેઓ કાવ્યભાષાનો પ્રશ્ન અલગઅલગ રીતે હલ કરવા મથે છે, એ મથામણમાં તેઓ સામસામી દિશામાં પણ જતા જોવા મળે.

કવિ લાભશંકરને શબ્દના આદિ રૂપ પામવું છે અને –

પ્રત્યેક માણસની
આંખોમાં મસ્તકમાં, હૃદયમાં શિરાએ શિરામાં
શબ્દનો આનંદ પ્રચ્છન્ન પ્રવાહ વહેતો હોય છે—

એ શબ્દપ્રવાહને કાગળ પર તરતો મૂકાતો નથી, કાગળ કોરો રહી જાય છે, છત્રીસ વર્ષની વયને અંતે, પણ લાગે છે

કાગળ અને પ્રચ્છન્ન શબ્દપ્રવાહ વચ્ચે
હજી અમથો જરીક પણ
સેતુ રચાયો નથી

કારણ¹ કવિ કહે છે કે જન્મ્યા પછી સૌ પ્રથમ જે સાંભળ્યું, જોયું, સ્પર્શ્યું –તે ફરીને પમાય તો કદાચ પેલો શબ્દપ્રવાહ પમાય. કેમ કે જન્મ્યા પછી ઉત્તરોત્તર તે શબ્દપ્રવાહને પામવાની ક્ષમતા અને વૃત્તિ પણ ઘટતાં ગયાં છે–રહી છે માત્ર તર્કની સપાટીવાળી ભાષા. એ ભાષા મૂલરૂપ, મૂલ શબ્દને હણી દે છે, નષ્ટ કરે છે, પરિણામે —

'પ્રેમ' શબ્દથી ધિક્કાર પ્રકટ થયો છે
'અહિંસા' એ 'હિંસા'ને પ્રકટ કરી છે
ભાષામાં ગરબડ થઈ છે પાયાની

એની અતિ સામાજિકતાને પરિણામે ભાષા એના મૂળરૂપને ખોઈ બેઠી છે કવિ કહે છે

> ભાષાના તનને અડકુ, ખખડાવુ, તોડુ,
> હુ ક્યા શોધુ —
> રૂપાળુ ફૂલવુ ભાષામા?
> હુ ક્યા શોધુ લુમોનુ ઝૂલવુ ભાષામા?
> હુ તરી શકુ ભાષામા શે કચ્છપની જેમ
> ને જાઉ ઊતરી છેક નીચે
> ઊંડે ઊંડે
> ભાષાના તનને અડકુ, ખખડાવુ, તોડુ,

પણ કવિને તો લાધ્યે છે ભાષાનો કાદવ, તેમા તરી શકાય તેમ નથી, આરપાર જોઈ શકાય તેમ નથી કવિ હવે ઊભા છે ભાષાના કાદવમા કાગળની હોડી મૂકીને તરવા

આ પ્રશ્ન છે આ મૂઝવણ છે આ પ્રશ્ન — આ મૂઝવણ સમગ્ર સંગ્રહની કવિતાઓનો વિષય છે, અર્થાત 'શબ્દ'ના એકમાત્ર 'થીમ' પર લખાયેલી આ કવિતાઓ છે શબ્દ પખા બનીને આવે, મકરજાળ બનીને આવે, અજગર બનીને આવે, ચિત્તો બનીને આવે, તે એટલે સુધી કે —

> ઊંચક ખાઉ પણ શબ્દોની
> પડુ આખડુ શબ્દોમા
> ભૂલો પડુ પણ શબ્દોમા
> મૂગો મૂગો મરી જાઉ પણ શબ્દોમા—

'શબ્દ'ની શુ આ કવિને ચોકડી છે? જો આમ જ હોય તો કવિ 'અધગની' આગળ આવીને ઊભા લાગે હવે કવિએ ચૂપ જ રહેવાનુ રહે પણ ના આ બધી મથામણોને અતે તો શબ્દો એના અનાદિન રૂપમાં પામવાની ઝખના છે, આજના શબ્દની અર્થહીનતાને અર્થવત્તા આપવાની છે એટલે એક અનિર્દેશનનો કવિને સામનો કરવો પડે છે શબ્દની અસમર્થતા પ્રગટ કરવા ઉતરે તો શબ્દના જ સામર્થ્ય (?) નો આશરો લેવો પડે છે શબ્દનુ એ સામર્થ્ય અભિનવ છબીજોગીથી, વિવિધ લયાન્વયથી, પ્રાચીન પક્તિઓ કે પ્રસગ ગર્ભિત (allusiveness)થી અને તે દ્વારા ઉપજાવેલા તીવ્ર વિરોધથી પ્રકટે છે, અને એટલે કવિને શબ્દની ડાળ 'કાચી' લાગવા છતાં તેમની જ પક્તિઓમા કહીશુ કે તે ડાળ —

> આ આની ટહુકાતી સહિને
> ભરચક પાણી પાણી રે

'ઊઘડતી દીવાલો'માં ચંદ્રકાન્ત શેઠ ભાષાના આ પ્રશ્નને જુદી રીતે હલ કરે છે લાભશંકરના કવિની જેમ તે પ્રશ્નાર્થ સાથે ઊભા રહેતા નથી સંગ્રહની પહેલી રચનામાં ભાષાનો પ્રશ્ન અને તેનો હલ આપવામાં આવ્યો છે, અને તેમાં જે કાવ્યભાષા આવે છે, તે જુઓ

કક્કાજીને કાજે કવિતા નથી આ
ને બાડેગી બારાખડી માટેની પોથી નથી આ
છંદની છ હજાર વર્ષ જૂની ચાલથી
ઓગણીસસો ચુમ્મોતેરને કેમ ચલાવવો?
દર્ભો તો હજુયે ગોવર્ધનરામના ગોદામમાંથી ધ લાવીને
ગાંધીરોડ પર ફરે છે પાઘડી ને ખેસ નાખીને,
પણ તેથી ટ્રાફિક-જામ થવાના
ઘેરા પ્રશ્નો સર્જાયા છે આજકાલ!

કવિનો પ્રશ્ન કવિતાની રૂઢ થયેલી ભાષા સાથે હવે આજે ૧૯૭૪માં કેમ કામ પાર પાડવું તે છે, જે કવિ લાભશંકર જુદી રીતે પૂછે છે ચંદ્રકાન્ત 'ગોવર્ધનરામનું ગોદામ' કહી એક નવો સંકેત રચે છે—રૂઢ સાહિત્યિક ભાષાનો, અને 'ગર્દભો'નો સંકેત તે સંદર્ભમાં સ્પષ્ટ થઈ જાય છે—ભારવાહી કૃતક સર્જકો 'ટ્રાફિક જામ' થવાની વાતમાં પ્રત્યાયનની વાત આવી જાય છે ગોદામ, ગર્દભ, ટ્રાફિક જેવા આજના શબ્દો હાર અને વચ્ચે આવતા 'ગર્દભ'ના ઉલ્લેખ દ્વારા ભાષાના પુરાણા રૂપને સાચવનારાઓ પર વ્યંગ કર્યા પછી કહે છે

પણ ભાષાને ભેટી ગયો એક અલગારી

અને તેથી હવે ભાષા—

શુદ્ધ બ્રાહ્મણિયા રસોઈ જમવાનો આગ્રહ છોડી
ચાલવા માંડી અમારી સાથે—અમારા રોજના જીવનના માર્ગે
ભાષા હવે અમારી જેમ ખાય છે, પીએ છે ને હરેફરે છે

'ઊઘડતી દીવાલો'માં આ રોજબરોજના વપરાશની ભાષા છે ભાષાના આ વિનિયોગમાં વ્યંગ કે વિડંબનાનો પુટ ઉમેરાય છે સૌથી વધારે વ્યંગ તો કવિએ પોતા પર કર્યો છે, કહે છે—

ઉજ્જડ એક ઠમકતા ડોસનો 'ઠ' તે હું

બીજી એક કવિતામાં કહે છે

હુ નકલી,
હુ ખોટો તે કેટલો?

* * *

હુ નિરાધાર
કોડીથીય નકામો

કોઈ સ્થળે કહે છે

હુ એક મીઠુ જ વળી

બીજે સ્થળે આધુનિક સદર્ભની પરિભાષામા કહે છે

હુ એક કમાઉ એજિન
ઇન્ડિયામેક

પોતા પર થતા આ વ્યગવિદ્રુપ 'એક ચદુડિયાની નમૂનેદાર બનાવટ'માં તીવ્ર રૂપે પ્રગટે છે, ચદ્રકાન્ત જેવુ રૂપાળુ નામ બદલી ચદુડિયા રૂપે જોવામાં જ આ દૃષ્ટિપરિવર્તન પમાય છે પણ પછી કહે છે

હુ શુ કરુ છુ?
બનાવટ – શબ્દોની ચોક્કસ પ્રકારની નમૂનેદાર બનાવટ
કૂડળીમા લેખન વ્યવસાય છે

પક્તિઓની વચ્ચે અગ્રેજી અને તે પણ વાતચીતમાં વપરાતુ અગ્રેજી બરાબર આવીને બેસી જાય છે રવીન્દ્રનાથના શબ્દો બગાળી ઉચ્ચાર સાથે આવતાં એક વિરોધ પ્રગટાવે છે કવિની ભાષાની ખોજ સાથે આત્મખોજ સમાતર ચાલે છે ઉપરના કવિતાની જેમ 'ઊઘડી ગઈ દીવાલો'મા સ્વરૂપાનુસધાનની વાત છે અનેક કવિતાઓમા પુરાણા સદર્ભો પલટાય છે સસ્કૃત પદાવલિ વક્ર-ઉક્તિ રૂપે આવે છે કવિ એન્ટિ-રોમાન્ટિક રૂપે સામે આવે છે

સગ્રહમા 'શબ્દો' અનેક રચનાઓમાં 'થીમ' તરીકે આવે છે શબ્દના બચિયારપણાને તોડવામા કવિની સર્જનાત્મકતાનો આવિષ્કાર થાય છે ચદ્રકાન્ત એક 'અનગારી'ના રૂપમા પ્રગટ થઈ ગુજરાતી ભાષાની 'ક્લાસિકલ' ચાલને હળવી બનાવે છે સિતાંશુનાં 'મગન કાવ્યો'નુ અહી સ્મરણ થશે ગુજરાતી કવિતામા એક બાજુએ જ્યારે લોકસાહિત્યની મોરલી પદાવલિ એક આછા રોમાન્ટિક રગ સાથે રૂઢ થઈ નિષ્પ્રાણ થવાની દિશામા છે, જ્યારે એક બાજુએ વિરૂપ ઇમેજરીના આઘાત બળહીન બની રહ્યા છે, અને ગુજરાતી કવિતા ત્રિભેટે આવી ઊભી છે તેવે વખતે લાભશકર, ચદ્રકાન્ત કે સિતાંશુના કાવ્યસગ્રહો તેનો હવે પછીનો દિશાસકેત આપનારા છે, વિશેષે તો કાવ્યભાષાના સદર્ભે

ભોળાભાઈ પટેલ

# પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદની પત્રિકા

સમાનો મન્ત્ર । (ઋગ્વેદ)

સમાની પ્રપા । (અથર્વવેદ)

વર્ષ ૧૮મું ઑગસ્ટ ૧૯૭૭ અંક ૮


અનુક્રમ


પેરિસની સંસ્કૃત પરિષદમાં ૨૨૫ દલસુખ માલવણિયા

કવિ નાનાલાલનાં નાટકોમાં નાટ્યતત્ત્વ ૨૩૧ ચંપકભાઈ ર. મોદી

'શ્રીકાન્ત'ની પ્રેમસૃષ્ટિ ૨૪૭ ચી. ના. પટેલ



સંપાદક

ભોળાભાઈ પટેલ